# અધ્યાપકવૃંદ



**પ્રો. રણજિતસિંહ પી. પવાર**
નિયામક, સ્કૂલ ઓફ ઈનોવેટિવ એજ્યુકેશન
અને અધ્યક્ષ શિક્ષણશાસ્ત્ર ભવન

**Education :** M.A., M.Ed., Ph.D.
**Mobile :** 9428850663
**Email :** hod.edu@cugujarat.ac.in



**ડૉ. જિજ્ઞેશ બી. પટેલ**
એસોસિએટ પ્રોફેસર અને કા. પરીક્ષા નિયામક

**Education :** PTC, Diploma in Lib. Sci., M.A.,M.Ed., Ph.D. Net
**Mobile :** 94294 29550
**Email :** jbpatel.edu@cugujarat.ac.in



**ડૉ. મીનળબા બી. જાડેજા**
આસિસ્ટન્ટ પ્રોફેસર

**Education :** M.Sc., M.Ed., M.Phil, Ph.D., NET, GSET
**Mobile :** 76000 43400
**Email :** jadejaminal@yahoo.in



**ડૉ. નીલેશ એસ. પંડ્યા**
આસિસ્ટન્ટ પ્રોફેસર

**Education :** M.Com., M.Ed., Ph.D., GSET, NET,
**Mobile :** 9426337432
**Email :** nspandya.edu@gmail.com



**ડૉ. રૂપમ બી. ઉપાધ્યાય**
આસિસ્ટન્ટ પ્રોફેસર

**Education :** M.Sc., M.Ed., Ph.D., NET
**Mobile :** 9714881699
**Email :** rbupadhyay.edu@cugujarat.ac.in



**ડૉ. કુણાલ એમ. પંચાલ**
આસિસ્ટન્ટ પ્રોફેસર અને અધ્યક્ષ વિદ્યાનિકેતન વિભાગ

**Education :** M.A., M.Ed., M.Phil, Ph.d., GSET, Journalism
**Mobile :** 94292 97737
**Email :** kmpanchal515@gmail.com



"બાળકનો ઉછેર એવી હૂંફ અને સંભાળથી થવો જોઈએ કે જેથી તે શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવાત્મક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ માનવ તરીકે વિકસે અને તેને આત્મસાક્ષાત્કારના અવસર મળી રહે."

-નરેન્દ્ર મોદી



"બાળક મનુષ્યની પ્રથમ યુનિવર્સિટી છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો શિક્ષણશાસ્ત્ર વિભાગ બાળકની અનન્યતા અને અસીમ ક્ષમતાઓનો સાક્ષાત્કાર કરાવે છે."

-હર્ષદ પ્ર. શાહ
કુલપતિ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

## સંપર્ક સુત્ર


**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી**
**શિક્ષણશાસ્ત્ર વિભાગ**
**(સ્કૂલ ઓફ ઈનોવેટિવ એજ્યુકેશન)**

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ,
છ-૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ પાસે, સેક્ટર-૨૦, ગાંધીનગર
Ph.079 - 23244569 | Email: hod.edu@cugujarat.ac.in
Website: www.cugujarat.ac.in


Children's University
Every Child matters
तेजस्वी बालक : तेजस्वी भारत

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
## ગાંધીનગર

## શિક્ષણશાસ્ત્ર વિભાગ
## સ્કૂલ ઓફ ઈનોવેટિવ એજ્યુકેશન

પ્રત્યેક બાળક મહત્ત્વનું છે.




તેજસ્વી બાળક : તેજસ્વી ભારત

### Department of Education

- **01** Ph.D. Education
- **02** M.A. Education
- **03** P.G. Diploma in School Counseling
- **04** Certificate Course in Pre School Education

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વિશે...

અજન્મા શિશુથી ૧૮ વર્ષ સુધીના તરુણના વિકાસનું લક્ષ્ય સેવતી ગાંધીનગર સ્થિત આ યુનિવર્સિટી દેશ અને દુનિયાની એક અજોડ યુનિવર્સિટી છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના મનમાં એક અદ્‌ભુત મંત્રનો આવિર્ભાવ થયો - Every Child Matters : પ્રત્યેક બાળક મહત્વનું છે. આ મંત્રનો વિસ્તાર યુનિવર્સિટીના દર્શનમાં પરિણમ્યો. માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના શબ્દોમાંઃ "બાળકનો ઉછેર એવી હૂંફ અને સંભાળથી થવો જોઈએ કે જેથી તે શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવાત્મક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ માનવ તરીકે વિકસે અને તેને આત્મસાક્ષાત્કારના અવસર મળી રહે." આ મંત્ર અને દર્શનને વ્યાવહારિક પૃષ્ઠભૂમિ પર લાવવા ગુજરાતમાં દિનાંક ૩૧મી જુલાઈ, ૨૦૦૯ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો શુભારંભ થયો.

વર્તમાનમાં યુનિવર્સિટી બાળવિકાસને લગતા શિક્ષણ, સંશોધન, પ્રશિક્ષણ અને વિસ્તરણ એમ ચારેય આયામોમાં સમગ્રતાથી કામ કરે છે, જે ગર્ભાધાન સંસ્કાર-પ્રક્રિયાથી શરૂ કરી ઉત્તમ સંતતિનું આવાહન અને અવતરણ કરવાની દિશા ચીંધે છે અને પ્રત્યેક બાળકને ઉત્તમ મનુષ્યના રૂપમાં સમાજને ચરણે ધરવાનું સ્વપ્ન સેવે છે. યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ સંદર્ભે કુલ સાત સ્કૂલ અને બાર વિભાગો કાર્યરત છે.

## શિક્ષણ વિભાગ વિશે...

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી બાળકના સર્વાંગી વિકાસના ધ્યેયને સાકાર કરવા માટે શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખા અંતર્ગત સંશોધન, શિક્ષણ, પ્રશિક્ષણ અને વિસ્તરણ સેવાઓ જેવા ચતુર્વિધ આયામો કાર્ય કરે છે. આ વિભાગમાં બાળઉછેર અને બાળશિક્ષણને અનુલક્ષીને પાયાનાં અને વ્યાવહારિક સંશોધનો હાથ ધરે છે. વિભાગ સંશોધન ક્ષેત્રના વૈશ્વિક પ્રવાહો સાથે તાલમેલ સાધીને સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ સંશોધનો હાથ ધરીને રાજ્યના શિક્ષણજગતને સુદૃઢ કરવા માટે પ્રયત્નશીલ છે. સંશોધનની નીપજો શિક્ષણ અને પ્રશિક્ષણના માધ્યમથી વ્યાપક બને તે માટે પણ કટિબદ્ધ છે. આ માટે વિવિધ પ્રકારના નાવીન્યસભર પ્રમાણપત્ર, ડિપ્લોમા, અનુસ્નાતક અને ડૉક્ટરલ કક્ષાના અભ્યાસક ચલાવે છે. અભ્યાસક્રમોમાં ભારતીય શિક્ષણચિંતન, આધુનિક વૈશ્વિક પ્રવાહો અને સંશોધનનું પ્રતિબિંબ ઝિલાયું છે. પ્રારંભિક શિશુશિક્ષણ પરિવારશિક્ષણ વાલીશિક્ષણ જેવા મૂળભૂત વિષયો પ્રત્યેક અભ્યાસક્રમના હાર્દમાં છે. વધુમાં, બાળશિક્ષણના ઔપચારિક અને અનૌપચારિક સ્વરૂપમાં સંકળાયેલી વ્યક્તિઓને સુસજ્જ કરવા માટે સમયાંતરે પ્રશિક્ષણ કાર્યક્રમોનું આયોજન થાય છે. આમ, બાળવિકાસ ક્ષેત્રના કાર્યકર્તાઓની સાથે સાથે આ ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક વ્યક્તિઓને આવકારીને તેમના માટે બહુઆયામી વિકાસની તકો શિક્ષણશાસ્ત્ર વિભાગ પૂરી પાડે છે. આ માટે વેબિનાર, વર્કશોપ, ટૂંકાગાળાના અભ્યાસક્રમો (STC). પ્રશિક્ષણવર્ગોનું આયોજન થતું રહે છે. યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજ્ય છે માટે આ વિભાગ રાજ્યના તમામ બાળકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્ય, પ્રબંધકો. નીતિનિર્ધારકો માટે શિક્ષણની નવરચના માટેની મનોભૂમિકા તૈયાર કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કરશે.

## શિક્ષણશાસ્ત્ર વિભાગની વિશેષતાઓ

- 'પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ' વિષયમાં તજ્જ્ઞતા મેળવવા માટેનો અનુસ્નાતક કક્ષાનો વિશિષ્ટ અભ્યાસ ક્રમ
- બાળકના સર્વાંગી વિકાસ સંબંધી સંશોધન કાર્ય પર વિશેષ ઝોક
- અનુસ્નાતકથી પીએચ.ડી. સુધીના અભ્યાસક્રમ ઉપલબ્ધ
- શાળા પરામર્શનનો વિશિષ્ટ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કરવાની સુવિધા
- શિક્ષણશાસ્ત્રમાં UGC-JRF & NET અને GSET માટેનું માર્ગદર્શન
- અનુભવી અધ્યાપકો દ્વારા ગુણવત્તાસભર અધ્યાપનકાર્ય

## ડિપાર્ટમેન્ટના અભ્યાસક્રમો

| સમયગાળો | અભ્યાસક્રમ | પ્રવેશપાત્રતા | ફી |
|---|---|---|---|
| ૬ સેમેસ્ટર | Ph.D. Education | M.A. Education / M.Ed. | ભાઈઓ : 10,000/-<br>બહેનો : 7,000/- |
| ૪ સેમેસ્ટર | M.A. Education | કોઈપણ વિષયમાં સ્નાતક | ભાઈઓ : 2,250/-<br>બહેનો : 1,800/- |
| ૨ સેમેસ્ટર | P.G. Diploma in School Counseling | કોઈપણ વિષયમાં સ્નાતક | ભાઈઓ : 2,000/-<br>બહેનો : 1,650/- |
| ૧ સેમેસ્ટર | Certificate Course in Pre School Education | ધોરણ - ૧૨ પાસ | ભાઈઓ : 1,500/-<br>બહેનો : 1,150/- |

।। अनन्यः आनन्दरूपो अनन्तः अहम् ।।